# અગત્યની જાહેરાત.

**મંડળની ઓન-લાઇન જાહેરાત ક્રમાંકઃ ૫૨/૨૦૧૫૧૬ અન્વયે, નાણા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી હસ્તકની "હિસાબનીશ / ઓડિટર / પેટા તિજોરી અધિકારી/ અધિક્ષક" વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓની સીધી ભરતી માટે ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી તા.૨૩-૧૦-૨૦૧૬ ના રોજ યોજાનાર છે. આ સંબંધમાં ઉમેદવારો માટેની સૂચનાઓ : -**

**(આ તમામ સૂચનાઓની પ્રિન્ટ મેળવી, અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે. કોલ-લેટર ડાઉન લોડ કરવાની સૂચનાઓ હવે પછી પ્રસિધ્ધ કરવામા આવશે.)**

(૧)ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી ૧૦૦ ગુણ ની રહેશે, જેનો સમય ૧ કલાક 30 મિનીટનો છે. આ કસોટીનો અભ્યાસક્રમ તથા ગુણભાર નીચે મુજબ છે.

| પ્રશ્નક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧. | એક્સેલ સ્પ્રેડશીટ | ૪૦ ગુણ |
| ૨. | ઇમેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૨૦ ગુણ |
| ૩. | પાવર પોઇન્ટ | ૨૦ ગુણ |
| ૪. | ટેન્ડર નોટીસ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૦ ગુણ |
| | કુલ ગુણ | ૧૦૦ ગુણ |

**જે પૈકી ક્રમાંક ૧ થી ૩ ઉપરની બાબત પરત્વે ટેસ્ટ અંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જ્યારે ક્રમાંક ૪ ની બાબત પરત્વે ટેસ્ટ અંગ્રેજી તથા ગુજરાતીમાં લેવામાંઆવશે.**

(૨) **અભ્યાસક્રમમાં દર્શાવેલ અનુક્રમાંક ૧થી ૪ ની બાબતો પરત્વે પ્રશ્નપત્રની હાર્ડ** કોપી આપવામાં આવશે. જે (પ્રશ્નપત્ર ) પરીક્ષા પૂર્ણ થયા બાદ નિરીક્ષકશ્રી **નેફરજીયાતપણે પરત કરવાનું રહેશે.**

(3) **આ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માઇક્રોસોફટ ઓફીસ ૨૦૦૭ ના વર્ઝન(version) માં લેવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટમાં ગુજરાતી ભાષા માટે ફોન્ટ શ્રુતી અને માઈક્રોસોફટ ઈન્ડીક લેન્ગવેજ ઈનપુટ ટુલ-૩ રહેશે. આ સોફ્ટવેરમાં નીચે મુજબનાં આઠ (૮) કી-બોર્ડ ઉપલબ્ધ છે.**

1. Gujarati Transliteration.2. Gujarati Typewriter.3. Gujarati Typewriter (G).

4.Gujarati Inscript. 5. GujaratiIndica.6. RemigntanIndica.

7. Special Characters.8. Gujarati Terafont.

(૪) આ પરીક્ષામાં આપને પ્રવેશ મંડળની જાહેર ખબર અને તેને સંબંધિત સૂચનાઓને આધારે આપે ઓનલાઇન ભરેલઅરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળના સોગંદનામાના ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે.

(૫) જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત પરિપૂર્ણ કરતા ના હો તો આપને આ પરીક્ષામાં નહી બેસવા સલાહ આપવામાં આવે છે.

(૬) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ કોલલેટર-કમ-હાજરીપત્રક પર ઓન લાઇન અરજીમાં સ્કેન કરીને અપલોડ કરેલ હોય તેવો પોતાનો ફોટો ચોટાડી સાથે અચુક લાવવાનો રહેશે. અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

(૭) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેકશન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ,કે સ્કૂલ/કોલેજનું ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે, જે નિરીક્ષક માંગે ત્યારે બતાવવાનું રહેશે.ફોટો આઇ.ડી પ્રુફની ઝેરોક્ષ નકલ ફરજિયાત રજૂ કરવાની રહેશે.

(૮) ઉમેદવારે પરીક્ષાના એક કલાક અગાઉ પરીક્ષા સ્થળે મંડળના અધિકારીશ્રીને રીપોર્ટીંગ કરવાનું રહેશે. અને આપને ફાળવવામાં આવેલ બ્લોકમાં આપના બેઠક નંબર પર બેસવાનું રહેશે. આપે બેઠક મેળવ્યા બાદ આપને કોમ્પ્યુટર માટેના યુઝર આઇ. ડી અને પાસવર્ડ આપવામાં આવશે જેનાથી લોગ-ઇન થવાનું રહેશે.

(૯) વર્ડ(ટેન્ડર નોટીસ), એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) ની પરીક્ષા સોફટવેર દ્વારા ખોલી આપવામાં આવેલ વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) માં જ આપવાની રહેશે. વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) પરીક્ષામાં ઉમેદવારે કોઈ ફાઈલ બનાવવાની રહેશે નહી. એ ફાઇલ સોફટવેર દ્વારા ઓટોમેટીક બનશે. જો કોઇ ઉમેદવાર પરીક્ષાના સોફટવેર સિવાય ફાઇલ ઓપન કરી લખશે તો ઉમેદવારનું પરીણામ માન્ય ગણાશે નહી.

(૧૦) કોલલેટરમાંની આ સૂચનાઓ ઉપરાંત મંડળની વેબસાઇટ https://gsssb.gujrat.gov.in પરની વખતો વખતની સૂચનાઓ પણ અચૂકપણે વાંચવી.

(૧૧) ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકના અડધિયામાં પોતાની તેમજ નિરીક્ષકશ્રીની સહી કરાવી લેવાની રહેશે. તેમજ હાજરીપત્રકની નીચેના ભાગનું અડધિયુ પરીક્ષાખંડના નિરીક્ષકશ્રીને પરત સોંપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે.તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર ફકત પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પોતાની પાસે રાખી શકશે.

(૧૨) પરીક્ષાખંડમાં ઉમેદવારે કોઇપણ પ્રકારના ઇલેકટ્રોનીકસ ઉપકરણો જેવા કે, મોબાઇલ ફોન, પેન ડ્રાઇવ, લેપટોપ, કોઇપણ પ્રકારનું ઇલેકટ્રોનીકસ રેકોર્ડર લઇ જઇ શકશે નહીં. જો કોઇ ઉમેદવાર પાસે આવા કોઇ ઉપકરણ ઉપલબ્ધ થશે તો તેમજ તેવા કોઇ ઉપકરણનો ઉપયોગ કર્યો હશે નહીં તો પણ તે ઉમેદવારને અયોગ્ય સાધનોનો ઉપયોગ કરવા બદલ/રાખવા બદલ દોષીત ગણીને તેમની ઉમેદવારી જે તે તબક્કેથી રદ ગણવામાં આવશે.

(૧૩) ઉમેદવારોની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી કોમ્પ્યુટર પર લેવામાં આવશે. આ કસોટીના કુલ-૧૦૦ ગુણ રહેશે, જ્યારે સમય ૧ કલાક ૩૦ મીનીટ નો રહેશે.

(૧૪) ઉમેદવારને કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર મંડળ તરફથી ઉપલબ્ધ કરવામાં આવશે. ઉમેદવારને પોતાનું કી બોર્ડ લાવવાની પરવાનગી આપવામાં આવશે નહીં. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી શરૂ થતાં પહેલા અને પરીક્ષા ખંડમાં પ્રવેશ્યા બાદ કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર બરાબર ચાલે છે તેની ખાત્રી કરી લેવાની રહેશે.

(૧૫) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી સમયે કોમ્પ્યુટરમાં કોઇ ટેકનીકલ ખામી જણાય તો ઉમેદવારે અન્ય ઉમેદવારને ખલેલ પહોંચાડયા વગર તેમજ પોતે કોઇ પગલાંઓ લીધા વગર પોતાનું સ્થાન જાળવી રાખીને (ઉભા થયા વગર) વર્ગ નિરીક્ષક ( ઇન્વીજીલેટર) ને જાણ કરવાની રહેશે.

(૧૬) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે એક જ વાર " Log in " થઇ શકાશે. ૧ કલાક અને ૩૦ મિનિટ પૂરી થયા પહેલા ઉમેદવાર પોતે " Submit " કરી દેશે. તો ફરીથી " Log in " થઇ શકશે નહીં.

(૧૭) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી શરૂ થયા પહેલાં ઉમેદવારે ઉત્તરપત્રમાં (કોમ્પ્યુટર ઉપર) આવશ્યક પૂર્તતા કરી લીધી છે તે બાબતે ખાસ કાળજી રાખવાની રહેશે. જરૂરી પૂર્તતા ઉમેદવારે કરી લીધી નહીં હોય તો એના માટે ઉમેદવાર પોતે જવાબદાર ગણાશે. ઉમેદવારે કોમ્પ્યુટર ઉપર નિર્દિષ્ટ આઇકોન પર ડબલ કલીક કરીને કોમ્પ્યુટર ખોલવાનું રહેશે. ત્યારબાદ પોતાનું  યુઝર નેઇમ અને પાસવર્ડ ( જે કોમ્પ્યુટર લેબ.માં ઉમેદવારને આપવામાં આવશે.) એન્ટર કરીને કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટની વિન્ડોઝ ખોલવાની રહેશે. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી શરૂ થવાની પાંચ મિનિટ પહેલાં ઉમેદવાર 'મોક ટેસ્ટ ટાઇપીંગ' અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં કરી શકશે. પાંચ મિનિટનું 'મોક ટેસ્ટ ટાઇપીંગ' પૂર્ણ થયા પછી ટાઇપીંગ ટેસ્ટની સ્ક્રીન ખુલશે જેમાં ઉમેદવારે કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ આપવાનો રહેશે.

(૧૮) પ્રવેશપત્ર (કોલ લેટર) મેળવવા માત્રથી ઉમેદવારને નોકરી માટેનો કોઇ પણ પ્રકારનો અધિકાર મળી જતો નથી. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે આપવામાં આવેલ પ્રવેશ ઉમેદવારે "**ONLINE**"અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઇને આધીન તથા પ્રોવીઝનલ રહેશે.

(૧૯) ઉમેદવારે પરીક્ષાખંડમાં તેમને આપવામાં આવતી સૂચનાઓનું અચૂકપણેપાલન કરવાનું રહેશે.

(૨૦) પ્રશ્નપત્રની હાર્ડકોપીના પ્રશ્ન ક્રમાંક ૧  થી ૪ અંતર્ગત તેના જવાબ માં કરવામાં આવેલ ભૂલો જેવી કે, સ્પેલીંગ / જોડણીની ભૂલ, માર્જિન સેટીંગ, ફોન્ટ સાઇઝ, ટાઇપકામ ની ભૂલ બાબતે માર્કીંગ અંગે ની કપાત, મંડળના નિર્ણયાનુસાર કરવામાં આવશે.

(૨૧) આખરી પરિણામ, લેખિત કસોટી(ભાગ-૧) તથા કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી (ભાગ-૨) માં ઉમેદવારે મેળવેલ સંયુકત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટમાં ઉત્તીર્ણ થવા માટે લઘુત્તમ લાયકી ગુણ **(Minimum qualifying marks)**નું ધોરણ દરેક કેટેગરી ના ઉમેદવાર માટે ૪૦% (ચાલીસ ટકા) ગુણનું છે.

(૨૨) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનો સમયગાળો ૧ કલાક ૩૦ મિનિટનો રહેશે. ૧ કલાક ૩૦ મિનિટ બાદ ટાઇપ થવાનું આપોઆપ બંધ થઇ જશે. ૧ કલાક ૩૦ મિનિટ પહેલા જો ઉમેદવાર **Confirm / Accept**કરીને તેમનું ટાઇપ કામ સબમીટ (Submit) કરી દેશે તો તે પછી ટાઇપ કામ થઇ શકશે નહીં.

(૨૩) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનું પરિણામ કોમ્યુટર પ્રોગ્રામીંગ આધારીત હોઇ, તેના રીચેકીંગ અંગેની અરજી પાછળથી ધ્યાને લેવામાં આવશે નહિં.

(૨૪) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબકકે ગુણ, પરિણામ કે પરીક્ષા સંબંધિત કોઇપણ બાબતની માહિતી મેળવવા સંબંધે કરવામાં આવેલ કોઇપણ પ્રકારની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

(૨૫) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા જણાશો તો શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશો.

તારીખ : ૨૨ /૦૯/૨૦૧૬ સચિવ

સ્થળ : ગાંધીનગર